સી.યુ.શાહ યુનિવર્સિટી
વઢવાણસીટી ૩૬૩૦૩૦

<u>પરિપત્ર</u>

આ યુનિવર્સિટીની તમામ સંલગ્ન કોલેજોના પ્રિન્સીપાલશ્રીઓને જણાવવાનું કે વિધાર્થીઓએ યુનિવર્સિટી પરીક્ષાનું ફોર્મ ભરવા બાબતે યુનિવર્સિટીના પરિપત્ર ક્રમાંક/પરીક્ષા/૪૩૬/૨૦૧૫ તારીખ :– ૨૯/૦૯/૨૦૧૫ અન્વયે માર્ગદર્શન આપવામાં આવેલ છે પરંતુ તે પરિપત્રમાં આંશિક ફેરફાર કરવામાં આવેલ હોઇ તે પરિપત્ર આથી રદ કરવામાં આવે છે અને નવેસર નીચે મુજબ પ્રસિધ્ધ કરવામાં આવે છે તેની નોંધ લેશો.

(૧) આ યુનિવર્સિટી સંલગ્ન કોઈપણ કોલેજની કોઈપણ વિધાશાખામાં અભ્યાસ કરતા વિધાર્થીઓ યુનિર્વસિટીના નિયમોનુસાર ડી–ટેઈન થયેલ હોય અને તે પછીની લેવાયેલ યુનિવર્સિટી પરીક્ષાઓમાં નાપાસ વિષયોની પરીક્ષા પાસ કરી ફરીથી રેગ્યુલર સેમેસ્ટરમાં અભ્યાસ કરવાની લાયકાત ધરાવતા હોય તો ત્યારે જે તે સેમેસ્ટરમાં પ્રવર્તમાન અભ્યાસક્રમ મુજબ વિધાર્થીએ અભ્યાસ કરવાનો રહેશે.

(૨) આ યુનિવર્સિટી સંલગ્ન કોઈપણ કોલેજની કોઈપણ વિધાશાખામાં અભ્યાસ કરતા વિધાર્થીઓએ રેગ્યુલર સત્રમાં નિયમાનુસાર હાજરી આપી હોય અને પુરૂ સત્રકામ કરી અભ્યાસ કરેલ હોય પરંતુ કોઈ ખાસ કારણસર પરીક્ષાફોર્મ ભરી શકેલ ન હોય અને તેથી તે સેમેસ્ટરની પરીક્ષા આપી શકેલ ન હોય તો આ પ્રકારના વિધાર્થીઓ તે પછીના સેમેસ્ટરમાં રેગ્યુલર વિધાર્થી તરીકે અભ્યાસ કરી શકશે પરંતુ આ વિર્ધાથીએ પાછળના રહી ગયેલ સેમેસ્ટરની પરીક્ષાનું ફોર્મ રીમીડીયલ પરીક્ષા ફોર્મ સાથે ભરવાનું રહેશે તેમજ તેની માર્કશીટ પણ રીમીડીયલ પરીક્ષા મુજબની આવશે જયારે હાલના રેગ્યુલર સેમેસ્ટરનું પરીક્ષા ફોર્મ રેગ્યુલર પરીક્ષા મુજબ ભરવાનુ રહેશે.

(૩) જે વિધાર્થીએ જે સેમેસ્ટરમાં નિયમિત અભ્યાસ કરી રેગ્યુલર પરીક્ષાનું ફોર્મ ભરેલ હોય પરંતુ કોઈપણ કારણોસર તે પરીક્ષામાં ગેરહાજર રહેલ હોય, ડ્રોપ લીધેલ હોય અથવા નાપાસ જાહેર થયેલ હોય તો તેવા વિધાર્થી તે સેમેસ્ટરની ફરી રેગ્યુલર વિધાર્થી તરીકે યુનિવર્સિટી પરીક્ષાનું ફોર્મ ભરી શકશે નહી પરંતુ સંબધિત સેમેસ્ટરની રેમેડીયલ પરીક્ષાનું ફોર્મ ભરવાનું રહેશે.

(૪) આ યુનિવર્સિટીની સંલગ્ન કોલેજની કોઈપણ વિધાશાખામાં અભ્યાસ કરતા વિધાર્થી ચાલુ સેમેસ્ટરમાં નિયમિત વિધાર્થી તરીકે અભ્યાસ કર્યા બાદ યુનિવર્સિટી પરીક્ષાનું ફોર્મ ભરેલ ન હોય અર્થાત ડ્રોપ લીધેલ હોય તેવા વિધાર્થી જે તે પછીના વર્ષે તે જ સેમેસ્ટરમાં ફરી દાખલ (Re-Join) થાય ત્યારે તે વિધાર્થીઓએ તે સંબધિત વિધાશાખામાં જે વર્ષમાં ફરી દાખલ થાય તે વર્ષના નિયત વિષયો / અભ્યાસક્રમ મુજબ અભ્યાસ કરવાનો રહેશે, અને તે વિષયોની નિયમિત વિધાર્થી તરીકે પરીક્ષા આપવાની રહેશે.

(૫) ડીપ્લોમાં ઈજનેરીમાં C TO D યોજના હેઠળ જે વિર્ધાથીઓએ સીધો સેમેસ્ટર–૩ માં પ્રવેશ મેળવેલ હોય તે વિર્ધાથીઓએ સેમેસ્ટર–૧ ના લાગુ પડતા વિષયો સેમેસ્ટર–૩ ની રેગ્યુલર પરીક્ષા સાથે આપવાના રહેશે અને તે વિર્ધાથીઓએ સેમેસ્ટર–૨ ના લાગુ પડતા વિષયો સેમેસ્ટર–૪ ની રેગ્યુલર પરીક્ષા સાથે આપવાની રહેશે આ વિર્ધાથીઓ માટે સેમેસ્ટર–૧ અને સેમેસ્ટર–૨ ના વિષયો Backlog Detention માં ધ્યાને લેવામાં આવશે નહી.

(૬) યુનિવર્સિટીના રેગ્યુલર પરીક્ષાનું ફોર્મ ભરવા વિદ્યાર્થીની યોગ્યતા બાબતે નીચેના મુદ્દાઓ પણ ધ્યાને લેવા વિનંતી છે.

(૧) વિદ્યાર્થી જે સેમેસ્ટર/વિદ્યાશાખામાં અભ્યાસ કરતા હોય તેના વિર્ષયોની ટીર્ચીગ સ્કીમના સંદર્ભમાં વિદ્યાર્થીએ ટર્મવર્ક સબમીટ કરેલ હોવું જોઈએ તથા ઈન્ટરનલ પ્રેકટીકલ પરીક્ષા પણ આપેલ હોવી જરૂરી છે.

(૨) વિદ્યાર્થીની વર્ગમાં યુનિવર્સિટીના નિયત નિયમ અનુંસાર હાજરી પૂરી કરેલ હોવી જોઈએ.

(૩) વિદ્યાર્થી જે સેમેસ્ટરમાં અભ્યાસ કરતા હોય તેની નિયમાનુસાર સત્ર ફી ભરેલ હોવી જોઈએ.

(૪) વિદ્યાર્થી યુનિવર્સિટીના નિયમ અનુંસાર ડિટેઈન થયેલ હોવો ન જોઈએ.

(૫) વિદ્યાર્થી કોઈપણ પ્રકારના ગેરશિસ્તયુકત વર્તનમાં સંકળાયેલ હોવો ન જોઈએ અને સારૂ ચારિત્ર ધરાવતો હોવો જોઈએ.

for રજીસ્ટ્રાર
સી.યુ.શાહ.યુનિવર્સિટી

ક્રમનં.પરીક્ષા/૪૩૯/૨૦૧૫
સી.યુ.શાહ યુનિવર્સિટી કાર્યાલય,
વઢવાણસીટી ૩૬૩૦૩૦
તા.૧૪/૧૦/૨૦૧૫
પ્રતિ,
૧. સી.યુ.શાહ યુનિવર્સિટી સંલગ્ન કોલેજનાં ડીનશ્રી/આચાર્યશ્રીઓ તરફ